# केटलाक मध्यकालीन गुजराती शब्दप्रयोगो

जयंत कोठारी

## १. अउले खाले वहै

जिनराजसूरिकृत 'शालिभद धन्ना चोपाई' (र.इ. १६२२)मां शालिभदनी रिद्धिना वर्णनमां नीचेनी पंक्ति आवे छे :

**जीहो अउले खाले वहै, जीहो कस्तूरी घनसार. (४,११)**

संपादक अगरचंद नाहटा ('जिनराजसूरिकृतिकुसुमांजलि,' सं. २०१७) 'अउले'ना 'तरल, अवलेह' एवा अर्थो आपे छे, जे अहीं कोई रीते बेसता नथी. '**अउले खाले वहै**' ए रूढिप्रयोग होवानुं समजाय छे. अवळी खाळे वहेवुं एटले ऊभरावुं, छलकावुं. शालिभदने घरे कस्तूरी अने कपूर अंगलेपमां एटलां वपराय छे ने धोवाईने खाळमां एटलां वहे छे के खाळ एनाथी ऊभराय छे. ए नोंधपात्र छे के आवो रूढिप्रयोग राजस्थानी शब्दकोश के रूढिप्रयोगकोशमां नोंधायेलो नथी.

## २. अउल्हाइ

जिनराजसूरिना 'गोडी पार्श्वनाथ स्तवन' मां नीचेनी पंक्तिओ आवे छे :

**देव घणाइ देवले, गउडेचा राय,**
**दीठा ते न सुहाइ रे, गउडेचा राय,**
**इक दीठा मन हुलसइ, गउडेचा राय,**
**इक दीठा अउल्हाइ, रे गउडेचा राय,**

'**ओलावुं**' शब्द 'बुझावुं, ठरवुं' एवा अर्थमां जाणीतो छे. पण ए अर्थ अहीं नथी ए स्पष्ट छे. '**हुलसइ**' (उल्लास पामे) ना विरोधी अर्थनो ज ए शब्द होई शके. नाहटा 'संकुचित थवुं ' एवो अर्थ ले छे. पण 'उल्लास पामे' ना बराबर विरोधी अर्थमां आ शब्द नोंधायेलो मळे छे. 'देशीशब्दसंग्रह' '**ओहुल्ल**' एटले 'खिन्न' अने 'ओहुल्लिय' एटले 'म्लान' अर्थ आपे छे. तो अहीं पण ''एक देवने जोतां मन उल्लास पामे, एक देवने जोतां मन खिन्न थाय'' एम अर्थ बराबर बेसे'.

## ३. अउगनाइ

साधुसुन्दरगणि (ई. १७ मी सदी पूर्वार्ध) कृत 'उक्तिरत्नाकर' (संपा. मुनि जिन विजय)मां 'अउगनाइ' शब्द नोंधायेलो छे ते ध्यान खेंचे छे. एनो संस्कृत पर्याय एमां 'अपकर्णयति' अपायेलो छे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आ अउगनाइ ते 'अवगणे' ? 'उक्तिरत्नाकर' मां संस्कृत पर्यायो घडी काढेला मळे छे अने संस्कृत कोशो 'अपकर्णयति' शब्द नोंधता नथी. पण 'उक्तिरत्नाकर' ने 'अवगणे' ज अभिप्रेत होय तो संस्कृत '**अवगणयति**' ए न आपी शके एम मानवुं मुश्केल छे. बीजी बाजुथी, '**अवगणे**' नुं जूनुं रूप '**अउगणइ**' होय अने ए ज '**अवगणयति**' परथी आवे, '**अउगनाइ**' नहीं. एटले '**अउगनाइ**' ए '**अउगणइ**' थी जुदो शब्द होवानो संभव रहे छे. एनो '**अपकर्णयति**' ए पर्याय आपवामां आव्यो छे तो तेनो अर्थ 'सांभळे नहीं, ध्यानमां न ले' एवो अभिप्रेत होवानुं संभवित छे.[३]

## ४. अउगउ, उगउ

'उक्तिरत्नाकर' मां 'अउगउ-मुगउ' अने 'उगउमुगउ' ए शब्दो नोंधायेला छे अने एनो पर्याय 'अवाङ्मूकः' आपवामां आव्यो छे. देखीती रीते ज 'ऊगोमूगो' ए द्विरुक्त शब्द छे. एनो अर्थ तो 'मूगो' ज. 'ऊगो' ने 'अवाङ्' परथी व्युत्पन्न करी शकाय ?

**अउगउ** के **उगउ** शब्द एकलो पण 'मूगो' ना अर्थमां वपरायो छे. जेमके,

**अउगी** अच्छि, सखि झखि म-न आल, (विनयचंदसूरिकृत 'नेमिनाथ -चतुष्पदिका', ई. १३ मी सदी उत्तरार्ध)

**गुरे भणिउं - 'म वच्छ ! उगउ रहि को कांइ नहीं कहइ'** (तरुणप्रभसूरिकृत 'षडावश्यक-बालावबोध', र. ई. १३५५)

बीजा उदाहरण परत्वे संपादक प्रबोध पंडिते 'Agitated, alarmed' एवो अर्थ आप्यो छे. पण त्यां बीजा साधुए दडवडावतां चेलो लागणीना आवेशमां आवी ध्रुसकां भरे छे त्यारे गुरु एने 'वत्स, रड नहीं. मूगो रहे' एम कहे छे तेवो अर्थ लेवानो छे.[४]

## ५. अखाडो

'**अखाडो**' शब्द कुस्ती, व्यायाम के स्पर्धा माटेनी जग्याना अर्थमां जाणीतो छे. सं. '**अक्षपाटक**' परथी ए ऊतरी आव्यो छे. 'उक्तिरत्नाकर', '**अक्षपाटक**' एवो पर्याय आपी '**अखाडउ**' शब्द नोंधे छे. मध्यकालीन गुजरातीना बेत्रण प्रयोगो आ संदर्भमां नोंधपात्र छे.

**पार्थु एकु दल कोडि विहाडइ,**
**इणि स्यउं कोइ मिलइ न अखाडइ २.५३**
(शालिसूरिकृत विराटपर्व, ई. १४२२ पहेलां)

संपादको चिमनलाल त्रिवेदी अने कनुभाई शेठ '**अखाडइ**' नो अर्थ 'मल्लयुद्धमां' अने 'गुर्जर रासावली' ना संपादको (ठाकोर, देसाई, मोदी) 'a wrestling ground' एम अर्थ आपे छे. आमां कुस्ती के कुस्तीनुं मेदान एवो अर्थ अभिप्रेत होय तो ते योग्य नथी. सर्व प्रकारनी शौर्यस्पर्धामां पार्थनी तोले कोई न आवे एम ज अर्थ होई शके. पार्थ कुस्तीबाज नथी, बाणावळी छे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ગુર્જર-રાસાવલી' માં અન્ય ત્રણેક સ્થાને આ શબ્દ વપરાયેલો છે :
તુમ્હિ મંડાવઉ નવઉ અખાડઉ, નવનવ ભંગિ પુત્ર રમાડઉ. ૪.૧
રાધાવેધુ કરીઉ દિખાડઇ, તિસઉ ન કોઈ તીણ અખાડઇ. ૪. ૮
ઇમ પરીક્ષા હુઈ અખાડઇ, તીંછે અરજુનુ ચડીઉ પવાડઇ ૪.૨૦
(શાલિભદ્રસૂરિકૃત પંચપાંડવચરિત્રરાસ, ર. ઈ. ૧૩૫૪)

અહીં પ્રસંગ કૌરવ-પાંડવોની શસ્ત્રવિદ્યાની પરીક્ષાનો છે. તેથી 'અખાડઉ' એટલે 'શૌર્યસ્પર્ધા' એવો અર્થ વધે સ્પષ્ટ છે. 'શૌર્યસ્પર્ધાનું સ્થાન' એવો અર્થ પણ લઈ શકાય.

વધારે રસપ્રદ છે તે તો 'અખાડઉ' ના બીજા બે પ્રયોગો. 'ષડાવશ્યક -બાલાવબોધ' માં ચૈત્યવર્ણનના પ્રસંગે દ્વારે દ્વારે અખાડામંડપ સાથે પ્રેક્ષામંડપ હોવાનો ઉલ્લેખ આવે છે. સંપાદક પ્રબોધ પંડિતે 'અખાડામંડપ' નો અર્થ 'pavilion' આપ્યો છે તે તો દેખીતી રીતે જ ભૂલભરેલો છે. પણ અહીં 'અખાડામંડપ' એટલે 'શૌર્યસ્પર્ધાનું સ્થાન'એવો અર્થ હોવા કરતાં 'રમતનું સ્થાન, ક્રીડાભૂમિ' એવો હોવા વધારે સંભવ છે. ચૈત્યમાં શૌર્યસ્પર્ધા હોઈ શકે ? નરસિંહ મહેતાના એક પદમાંનો 'અખાડો, શબ્દનો પ્રયોગ આ સંદર્ભમાં ઉપયોગી નીવડે તેવો છે :

વૃંદાવનમાં રચ્યો અખાડો, નાચે ગોપી ગોવાલ. ૫૪.૧

(નરસૈં મહેતાનાં પદ, કે. કા. શાસ્ત્રી)

'અખાડો' શબ્દ અહીં 'શૌર્યસ્પર્ધા' ના અર્થમાં નથી તે સ્પષ્ટ છે.ગોપી-ગોપાલ નૃત્ય કરે છે, એટલે 'ક્રીડાભૂમિ' એવો અર્થ જ લેવાનો રહે.'ષડાવશ્યક - બાલાવબોધ' માં પણ 'નૃત્યાદિ ક્રીડાઓનું સ્થાન' એવો અર્થ બંધ બેસે. આ 'અખાડો' શબ્દનો જરા જુદો પડતો પ્રયોગ ગણાય."

## ૬. અછિવઉં, અછીઉં

'અછઇ', 'છઇ' મધ્યકાલીન સાહિત્યમાં વ્યાપકપણે મળતાં ક્રિયારૂપો છે, પણ 'ઉક્તિરત્નાકર', 'અછિવઉં' એવું વિધ્યર્થકૃદંતનું અને 'અછીઉં' એ કર્મણિનું રૂપ નોંધે છે એ વિરલપણે પ્રાપ્ત રૂપો છે. 'અછિવઉં' નો પર્યાય 'સ્થાતવ્યમ્' 'હોવું, રહેવું' અપાયો છે અને 'અછીઉં' નો પર્યાય સ્થીયમાનમ્ ('થવું, રહેવાવું, રખાવું)' આપવામાં આવ્યો છે.

## ૭. અછૂતઉ

'અછૂત' શબ્દ 'અસ્પૃશ્ય, હલકી જાતિનો માણસ' એ અર્થમાં ખૂબ જાણીતો છે.'ઉક્તિરત્નાકર' માં 'અછૂતઉ' શબ્દ જુદા અર્થમાં હોય એમ સમજાય છે.એમાં પર્યાય 'અચ્છુપ્ત' અપાયેલો છે, જેનો અર્થ 'અસ્પૃષ્ટ' થાય. પણ 'મઇલઉ', 'છોતિ', 'અછૂતઉ' એમ શબ્દક્રમ છે ને 'ઉક્તિરત્નાકર' માં શબ્દ કયા જૂથમાં મુકાયો છે તેમાંથી કેટલીક વાર એના અર્થની ચાવી મળે છે. અહીં 'મઇલઉ' નો વિરુદ્ધાર્થી શબ્દ 'અછૂતઉ' સમજીએ એનો અર્થ 'સ્પર્શદોષના અભાવવાળો, નિર્મલ' એમ કરવો જોઈએ. 'છોતિ' નો અર્થ 'સ્પર્શદોષ' થાય જ છે."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ८. कटरि

'अनुसंधान' : १ मां हरिवल्लभ भायाणीए नोंधेला प्राकृतना आश्चर्यवाचक 'कटरि'नो जूनी गुजरातीमां पण एक प्रयोग सांपडे छे :

**कटरि गंभीरिमा, कटरि वय – धीरिमा,**
**कटरि लावन्न – सोहग्ग जायं,**
**कटरि गुण–संचियं, कटरि इंदिय जयं,**
**कटरि संवेग – निव्वेय–रंगं. ३७–३८.**

(मेरुनन्दनगणिकृत 'जिनोदयसूरि विवाहलउ, र. ई. १३७६ पछी)

'ऐतिहासिक जैन काव्य संग्रह' ना संपादक अगरचंद नाहटाए 'कटरि'नो अर्थ 'आश्चर्य और प्रशंसाबोधक अव्यय' एम आपेलो ज छे. 'अहो गांभीर्य' । ए प्रकारना आ उद्‌गारो होवानुं देखाय छे.'

---

## पूरक नोंध

१. 'मों करमायुं' जेवामां 'करमावुं' जेम, 'ओलावुं' नो लाक्षणिक अर्थ 'निस्तेज' थवुं लईए तो अर्थ कदाच बेसे. ओहुल्ल – ने मूळ तरीके लेतां पण अर्थ घटे छे. ओहुल्ल– ना मूळमां अव+फुल्ल–'करमावुं' छे. अपभ्रंशसाहित्यमां ते वपरायो छे. जेम के स्वयंभूकृत 'पउमचरिउ'मां, पुष्पदंतकृत 'महापुराण'मां. त्यां 'मुख'नुं ते विशेषण छे. टीकाकारे 'म्लान', 'सुकायेलुं' अर्थ करेल छे. ओहल्ल् – एवो पाठ लिपिदोष जणाय छे. ओहुर– पण मळे छे. विशेष माटे जुओ रत्ना श्रीयन् 'Des'ya and Rare Words, पृ. ६१, ६२.

२. नामधातु अवकर्णय – 'ध्यानमां न लेवुं' बाणनी 'कादंबरी'मां वपरायानुं मोनिअर विलिअम्झे नोंध्युं छे.

३. में 'अनुशीलनो' (१९६५, पृ. ९३–९५)मां अउगउ, उगा विशे नोंध आपेली छे. तेमां प्राकृत, जूनी तथा मध्यकालीन गुजरातीना ११मीथी १७मी शताब्दीमां मळता प्रयोगो, तथा मराठी प्रयोगनी नोंध लीधी छे. 'अनुसंधान'ना प्रस्तुत अंकमां ज कनुभाइ शेठ संपादित 'सुभद्रासति– चतुष्पदिका' (१३मी सदी)मां पण आ शब्दनो प्रयोग मळे छे :

'अउगी आछु न बोलिसि माए' (कडी ३४).



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. पुष्टिमार्गीय वैष्णव कवि हरिदासना मुख-परंपरामां पण मळता एक धोळमां 'क्रीडाभूमि' (रासक्रीडा माटेनी रंगभूमि) एवा अर्थमां 'अखाडो'नो प्रयोग मळे छे :

'एक रच्यो अखाडो रे, सज्ज थया पोते '

(संदर्भ कृष्ण-गोपीओनी रासलीलानो : जुओ 'हरि वेण वाय छे रे हो वंनमां', पृ. ७४, कडी २).

५. सं. 'छुप्त-', प्रा. छुत्त- = 'स्पृष्ट', पछीथी, 'दूषित स्पर्शवाळुं'. प्राकृतमां पण छुत्ति 'अशौच' एवा अर्थमां वपरायेलो छे, जेना परथी जू. गुज. 'छोति', हिं. 'छूत' थया छे. 'अछूत' शब्द 'अस्पृष्ट' (हिं. 'अछूता'), तेम ज 'अस्पृश्य' (हिं. अछूत) बंने अर्थमां रूढ छे. 'छूताछूत' मां धात्वर्थ जळवायो छे. प्रस्तुत नोंध क्रमांक ७मां पण 'अछूतउ' 'अस्पृश्य' ए अर्थमां होवानी शक्यता छे.

६. ए ज प्रमाणे 'वपुरि'नो प्रयोग पण प्राचीन गुजरातीमांथी टांकी शकाय. 'अनुसंधान'ना प्रस्तुत अंकमां रमणीक शाह संपादित 'धमसूरि-बारहनामउं'मां ३५मी कडीनुं पहेलुं चरण आ प्रमाणे छे. 'बापुरि सहइ कुसुंभडीय.' आथी में सूचवेली व्युत्पत्ति पण समर्थित थाय छे.

– ह. भायाणी



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org